Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582 – 046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ગુજરાતનાં ઇતિહાસ અને સંસ્કૃતિનાં લેખનમાં ડૉ. ભારતીબેન શેલતનું વાવ શિલાલેખના ક્ષેત્રે પ્રદાન

**વાઘેલા હેતલબહેન ગીરીશભાઈ**
પી.એચ.ડી. સંશોધક, ઈતિહાસ વિભાગ
સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
Email : hetalvaghela6666@gmail.com

## પ્રસ્તાવના:-

ભારત એ પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસનો અમૂલ્ય વારસો ધરાવતો વિશાળ દેશ છે. પ્રાચીન વિરાસતની બહુલતા ધરાવતા આપણાં આ દેશનાં ઇતિહાસ અને સંસ્કૃતિના અન્વેષણ અને નિરૂપણ માટે મૂળ પ્રાચીન અવશેષો અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતવર્ષના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના એક એકમ તરીકે ગુજરાતનો ઇતિહાસ એનાં ઉપલબ્ધ પ્રાચીન પુરાવશેષીય અને સાહિત્યિક સાધનોની વિપુલતાને લીધે અત્યંત સંપન્ન છે. આ સાધનોમાં અભિલેખો, સિક્કાઓ, શિલ્પ-સ્થાપત્ય, હસ્તપ્રતો, દસ્તાવેજો, ખતપત્રો અને ફરમાનોનો સમાવેશ થાય છે. ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, ધાર્મિક અને ભૌગોલિક ઇતિહાસના સર્વાંગી નિરૂપણ માટે આ સાધનોનું સંશોધનપૂર્ણ અધ્યયન અતિ આવશ્યક છે.

પુરાવસ્તુકીય તેમજ પ્રાચીન અવશેષો જેવી સાધન-સામગ્રીમાં ભારતનાં બીજા રાજ્યો કરતાં ગુજરાત સમૃદ્ધ હોવા છતાં એમાં લિપિવિદ્યા,અભિલેખવિદ્યા, સિક્કાશાસ્ત્ર અને હસ્તપ્રતવિદ્યાના વિદ્વાનો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ છે. ભારતીય વિદ્વાનો પૈકી ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી, શ્રી ગિરિજાશંકર આચાર્ય અને શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકરના પ્રદાન પછી આધુનિક વિદ્વાનોમાં ગુજરાતના ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું આ ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન છે.[૧] તેમની જ પરંપરામાં તૈયાર થયેલા ડૉ. ભારતીબેન શેલતનો ફાળો આ ક્ષેત્રે અમૂલ્ય રહેલો છે.

## ડૉ. ભારતીબેન શેલતનું પ્રારંભિક જીવન :

ઉચ્ચકોટિના સંશોધક અને અધ્યાપકની બેવડી ભૂમિકા ભજવનાર ડૉ. ભારતીબેન કીર્તિકુમાર શેલતનો જન્મ ૩ જુલાઇ, ૧૯૩૯ ના રોજ મહેસાણા મુકામે થયો હતો.[૨] તેમણે અભિલેખવિદ્યાના ક્ષેત્રે શિલાલેખો, તામ્રપત્રલેખો, જળાશયોના શિલાલેખો, પ્રતિમાલેખો તેમજ

અપ્રગટ અભિલેખોના વાચન અને સંપાદન દ્વારા ગુજરાતનાં રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં ખૂટતી કડીઓનું અનુસંધાન કરવાનું મહત્વનું કાર્ય કર્યું છે.

ડૉ. ભારતીબેન શેલતે પ્રાથમિક શિક્ષણ મહેસાણા અને વડોદરામાં તથા માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં મેળવ્યું. ૧૯૬૦ માં સંસ્કૃત વિષય સાથે બી.એ. અને ૧૯૬૨ માં એમ.એ. ની પદવી મેળવી હતી. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં અધ્યાપક તરીકે સેવા આપી હતી. આ દરમ્યાન એમણે સંસ્કૃત(અભિલેખવિદ્યા) વિષયમાં 'Chronological systems of Gujarat' શીર્ષક હેઠળ પીએચ.ડી ની પદવી મેળવી.[3]

ડૉ. ભારતીબેન શેલતે સંસ્કૃત ભાષા અને સાહિત્ય, ભારતીય અભિલેખવિદ્યા, કાલગણના, ભારતીય પ્રાચીન સિક્કાશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, હસ્તપ્રતવિદ્યા, પ્રાચીન લિપિવિદ્યા જેવા વિષયોમાં સંશોધનકાર્ય કર્યું છે. ડૉ. ભારતીબેન શેલત લિપિવિદ્યાના જાણકાર હોવાથી તેઓએ પ્રાચીન અભિલેખો, સિક્કાઓ અને હસ્તપ્રતોમાં પ્રયોજાયેલી લિપિઓને ઉકેલી ઇતિહાસની મહત્વની વિગતોને બહાર લાવવાનું કાર્ય કર્યું છે.

તેમણે ભો.જે. વિદ્યાભવન તેમજ ગુજરાત યુનિવર્સિટી જેવી વિવિધ સંસ્થાઓમાં ભારતીય સંસ્કૃતિ વિષયના વ્યાખ્યાતા તરીકે, અનુસ્નાતક અધ્યાપક તેમજ નિયામક તરીકેની કામગીરી સંભાળી હતી. ડૉ. શેલત ગુજરાત ઇતિહાસ પરિષદની કારોબારી સમિતિના કોષાધ્યક્ષ, ઉપપ્રમુખ અને પ્રમુખપદે પણ રહ્યા હતા.

ડૉ. શેલતે પોતાની કારકિર્દીના ઘડતર અને જીવનઘડતરની સાથે વિભિન્ન વિષયોમાં મૌલિક ગ્રંથો આપવાની સાથે ગુજરાતનાં ઇતિહાસના કેટલાક ગ્રંથોનું સંપાદનકાર્ય પણ કર્યું છે. જેમાં 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', 'Jain Image Inscription of Ahmedabad' અને 'ભાગવતપુરાણની સમીક્ષિત આવૃત્તિ'નું સંપાદન મુખ્ય છે.[૪]

ઇતિહાસ અને સંસ્કૃતિ તેમજ સંસ્કૃતવિદ્યાના વ્યુત્પન્ન તજ્જ્ઞ અને વિદ્વાન ડૉ. ભારતીબેને પુરાતત્વીય અને સાહિત્યિક સાધનોમાંના અભિલેખો, સિક્કાઓ અને પ્રાચીન હસ્તપ્રતોના ક્ષેત્રે નોંધનીય પ્રદાન કર્યું છે.

ડૉ. શેલતે અદ્યપર્યંત પ્રાચીનકાલ, મધ્યકાલ અને અર્વાચીનકાલના મળી કુલ 300 જેટલા અપ્રગટ અભિલેખો ઉકેલ્યા છે અને સંશોધનપૂર્ણ પ્રસ્તાવના, અભિલેખનો પાઠ, ભાવાનુવાદ, એમાં પ્રતિબિંબિત રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસ, ભાષા, લિપિ, મિતિ, સ્થળનામ-

અભિજ્ઞાન તટસ્થતાપૂર્વક રજૂ કર્યા છે. આ અભિલેખોમાં મંદિરના તકતીલેખ, પાળિયા-લેખ, કબરલેખ, તામ્રપત્રો તેમજ પ્રતિમા- લેખોમાં આરસની પ્રતિમાની પીઠિકા ઉપરના અને ધાતુપ્રતિમાઓ પરના લેખો ઉકેલ્યા છે. જળાશયના શિલાલેખોમાં વાવ અને કુંડના લેખોનો સમાવેશ થાય છે.[૫]

## જળાશયોના શિલાલેખ :-

પ્રાચીનકાલથી જળાશયોની વ્યવસ્થા, પુર કે નગરની રચનામાં અનન્ય સ્થાન ધરાવે છે. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં જળાશયોએ અનોખી ભૂમિકા નિભાવી છે. ભારતીય પૌરાણિક પરંપરામાં દેવો, તીર્થસ્થાનો, સરોવર, તળાવ, કુંડ, વાવની પ્રતિષ્ઠાનું માહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. આ પ્રકારના કાર્યોને પૂર્તનિર્માણનાં કાર્યો અર્થાત જનકલ્યાણનાં કાર્યો કહે છે. છેક મૌર્યકાલથી વિવિધ પ્રકારના જળાશયોના બાંધકામ થતાં હોવાના પ્રત્યક્ષ અને અભિલેખોના પુરાવા મળે છે. જળાશયોનો ઈતિહાસ જાણવા માટેનાં નક્કર સાધનોમાં એક સાધન શિલાલેખો છે. ઘણીવાર વાવ, કૂવા કે કુંડ તથા તળાવની પાળ ઉપર શિલાલેખ જોવા મળે છે.[૬] જેમાં ડૉ. શેલતે વાવ શિલાલેખના ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપી તેનું સર્વેક્ષણ કર્યું છે.

## વાવોના શિલાલેખ :-

નાગરિક સ્થાપત્યમાં વાવની રચના વિશિષ્ટ હોય છે. લંબચોરસ વાવના એક છેડે કૂવો હોય અને એ કૂવાની સામેના છેડેથી પાણીની સપાટી તરફ ઊતરવાનાં પગથિયાં હોય છે. વાવને “ वापी ” કે “ वापिका ” સંસ્કૃતમાં કહે છે. જે સ્થળે કૂવો કરવાનો હોય તેમાંથી અમુક અંતરે એક પીઠિકા(ઓટલો) બાંધવામાં આવે છે. તેની એક બાજુએ ચોરસ કદનાં પગથીયાંની સીડીવાળી રચના હોય છે. ઊતરનારને શ્રમ ન પડે માટે આંતરે આંતરે પડથારની યોજના કરેલી હોય છે. પગથીયાંની બંને બાજુ દીવાલ કરેલી હોય છે. દીવાલને મજબૂત બનાવવા પગથીયાંની શ્રેણી વચ્ચે સ્તંભો અને પાટડા ગોઠવવામાં આવે છે. કૂવા સુધી પહોંચતા ત્રણ પાંચ કે સાત માળની રચના થઇ જાય છે, એ માપને કૂટ કહે છે. ગુજરાતની વાવો મોટેભાગે એક પ્રવેશદ્વાર અને ત્રણ કૂટની હોય છે. આ વાવોને નંદા(એક જ પ્રવેશદ્વાર) પ્રકારની વાવો કહે છે.

સોલંકીકાલની પ્રસિદ્ધ વાવોમાં સહુથી પ્રાચીન વાવ પાટણની રાણી ઉદયમતીની વાવ છે. તાજેતરમાં ઉત્ખનન દ્વારા જે શિલ્પસમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે તે પરથી આ વાવ ગુજરાતની સર્વોતમ કોતરણીવાળી વાવ તરીકે પ્રસિદ્ધ છે. તાજેતરમાં પાટણની રાણી ઉદયમતીની વાવની ગણના વિશ્વ વારસામાં કરવામાં આવી છે.

વઢવાણ (જિ. સુરેન્દ્રનગર) ની માધાવાવના લેખો પરથી વાઘેલા રાજા કર્ણ ૨ જાના નાગર મંત્રી માધવે પોતાના માતા-પિતાના સ્મરણાર્થે બંધાવી હોવાની પ્રતીતિ થાય છે.[૭]

## સલ્તનતકાલની વાવો:-

પેટલાદ (જિ. આણંદ) ની વાવનો શિલાલેખ (સં. ૧૩૮૦ - ઇ.સ. ૧૩૨૩) અને મહુવા (જિ. ભાવનગર) ની સુદાવાવનો શિલાલેખ (સં. ૧૪૩૭ - ઇ.સ. ૧૩૮૦-૮૧) સંસ્કૃત ભાષામાં છે. પેટલાદની વાવના શિલાલેખમાં જણાવ્યા અનુસાર દિલ્હીના સુલતાન ગ્યાસુદ્દીન તુઘલુકના સમય દરમ્યાન અણહિલવાડના દીવાનના હુકમથી સ્તંભતીર્થના નિવાસી ઈસ્માઈલ ઉસ્માન શિરાજે વાવના જીર્ણોદ્ધાર માટે ભૂમિદાન કર્યું હોવાનું પ્રતીત થાય છે.[૮]

મહમૂદ બેગડાના સમયની સાંપા (દહેગામ)ની વાવના વિ.સં. ૧૫૧૮ (ઇ.સ. ૧૪૬૨)ના બે શિલાલેખ સ્થળતપાસ દ્વારા ડૉ. શેલતે વાંચેલા અને એને સંપાદિત કરી પ્રસિદ્ધ કર્યા છે. નંદા પ્રકારની આ વાવ એક પ્રવેશદ્વાર ની છે. છેક પાછળના ભાગે કૂવો છે. પ્રથમ માળ ઉપર નવ ગ્રહોનો શિલ્પપટ્ટ છે. મહમૂદ બેગડાના સમયમાં તાજખાન સાંપાની જાગીર (સરકાર તરફથી બક્ષીસ તરીકે મળેલી જમીન) સાંભળતો. તે સમયે વૃદ્ધ નાગર કુળના તિલક સમાન શ્રેષ્ઠી કાલૂ અને ભૂચરના પુત્ર સત્યે ખૂબ દ્રવ્ય ખર્ચી સંપત્પુર (સાંપા) ની આ વાવ ચતુર્વિધ પ્રકારના પ્રાણીઓની તરસ છીપાવવા બનાવી.[૯]

મહમૂદ બેગડાના સમયની વડવા (ખંભાત)ની વાવના સં ૧૫૩૮, ૧૫૩૯ અને ૧૫૪૪ ના સંસ્કૃત દેવનાગરી લેખોમાં જણાવ્યા અનુસાર મેહર કુળના તંબોળી જ્ઞાતિના ધનદે દ્વારકામાં છ માસ રહી, શરીરે ચક્રનું ચિહ્ન કરાવી બ્રાહ્મણો અને પીડિતોને તથા પૂર્તનિર્માણનાં કાર્યો માટે દાન આપ્યું હતું. લેખમાં ધનદના સત્કાર્યોની રુચિર પ્રશસ્તિ કરવામાં આવી છે. સૂત્રધાર (સલાટ) ધનાક અને ખેતાકે વાવનું બાંધકામ કર્યું. લેખમાં ‘વડવા’ નું સંસ્કૃત ‘વડુવક’ જણાવ્યુ છે.[૧૦]

મહમૂદ બેગડાના સમયની અમદાવાદ નજીકની અડાલજની વાવના લેખમાં (વિ.સં. ૧૫૫૫ - ઇ.સ. ૧૪૯૯) દંડાહી પ્રદેશ (કલોલ-મહેસાણા વિસ્તાર)ના વાઘેલા રાજા વીરસિંહની

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

રાણી રૂડાદેવીએ પાંચ લાખ ટંકા (તત્કાલીન રૂપિયા જેવુ ચલણ) ખર્ચીને આ વાવ બંધાવી હોવાનું જણાવાયું છે. કવિએ આ લેખમાં રૂડાદેવીની પ્રશંસા કરી છે. અડાલજ ગામનું પ્રાચીન નામ 'અઙ્ગાલિજ' દર્શાવ્યું છે.[૧૧]

અમદાવાદની બાઈ હરીરની વાવ વિશે નોંધતા ડૉ. શેલત જણાવે છે : આ વાવમાં સંસ્કૃત અને ફારસી બંને ભાષામાં બે શિલાલેખ છે. મહમૂદ બેગડાના રાજ્યમાં રાજાના અંત:પુરની અધ્યક્ષા બાઈ હરીરે શ્રીનગર (અમદાવાદ) ની ઈશાન દિશામાં હરિપુર (અસારવા) મધ્યે ચારે દિશાએથી આવેલા તરસ્યાં મનુષ્યો, પશુ-પક્ષીઓ વગેરેના ઉપયોગ માટે ૩,૨૯,000 ટંકા ખર્ચીને વાવ કરાવી.[૧૨]

નડિયાદની અમદાવાદી ભાગોળની વાવનો સં. ૧૫૭૨ (ઇ.સ. ૧૫૧૬)નો શિલાલેખ સલ્તનતકાલનો એક મહત્વનો વાવ-શિલાલેખ છે. એમાં વાવના બંધાવનાર ગુર્જર વણિક વેણીદાસે હજારો ગાયો અને દ્રવ્યથી યુક્ત એવી બ્રહ્મપોળો દાનમાં આપી અને આ વાવ કરાવી. સુલતાન મુઝફ્ફરશાહ ૨ જાના શાસન દરમ્યાન નટપદ્ર (નડિયાદ) માં શ્રેષ્ઠી વેણીદાસે લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યાં હોવાનો નિર્દેશ આ લેખમાં છે.[૧૩]

ગુજરાતના સલ્તનતકાલ દરમિયાન મોટી સંખ્યામાં વાવો બંધાઈ હતી. એમાંય સુલતાન મહમૂદ બેગડા અને મુઝફ્ફરશાહ ૨ જાના સમયમાં વાવ સ્થાપત્યનો વિકાસ એની ચરમસીમાએ હતો. લોકકલ્યાણનાં કાર્યો માટે થતાં આવાં પૂર્તકાર્યો આ કાલના ધાર્મિક અને સામાજિક ઇતિહાસ માટે નોંધપાત્ર છે.

પેટલાદ (જિ. આણંદ) ની શિકોતરી માતાની પ્રસિદ્ધ વાવમાં ફારસી, સંસ્કૃત અને ગુજરાતી ત્રણ ભાષામાં શિલાલેખ કોતરેલો છે. એમાં કલિયુગ સંવત (૪૭૯૯), વિક્રમ સંવત (૧૭૫૫) અને હિજરી સન આપેલો છે. લેખમાંની ઐતિહાસિક વિગત પ્રમાણે ઔરંગઝેબના પુત્ર કુમાર મુહમ્મદ આઝમશાહને પેટલાદ ગામ જાગીર તરીકે આપવામાં આવ્યું હતું. મહેસૂલ અને પોલીસ ખાતાના અધિકારીઓ અનુક્રમે અમીન ફોઝદાર મીરઝા અને મુસ્તફા કુલીબેગ વહીવટ કરતા. પંચકુલમાં ઠાકુર રાયમલ, દેસાઇ મથુરાદાસ શામળજી, શ્રેષ્ઠી ગાંધી મનજી દ્વારકાદાસનો સમાવેશ થતો. આ પંચકુલની મંજૂરીથી વડનગરા નાગર ઠાકર રામજીએ મનોહર વાવ કરાવી.[૧૪]

ધોળકા તાલુકાની ગાંગડ ગામની વાવના બે શિલાલેખ સ્થળતપાસ દ્વારા ડૉ. શેલતે સંપાદિત કર્યા છે. આ લેખમાં વાઘેલા રાણા સેસમલ્લજીનાં રાજયકાલનો નિર્દેશ છે. એમાં સેસમલ્લજીનાં માતા બાઈ ગોરાંજીએ વિ.સં. ૧૭૬૩ (ઇ.સ. ૧૭૦૬)માં વાવ બંધાવ્યાનો નિર્દેશ છે. લેખમાં વાવ બંધાવવાનો ઉદ્દેશ યશ માટેનો, સ્નેહીજનો, ગાયો, બ્રાહ્મણો, સજ્જનો અને યાચકો (માંગનાર)ના પુણ્યનો, વિપતિનાશ માટેનો અને મોક્ષપ્રાપ્તિનો હતો. આરંભમાં કૃષ્ણ, ગણેશ, રુદ્ર, બુધ(ત) ભવાની દેવીને પ્રણામ કરવામાં આવ્યા છે. આ બુત ભવાની માતાની સ્થાપના કોઠ-ગાંગડ પાસેના અરણેજ ગામમાં થઈ હોવાનું કહેવાય છે.[૧૫]

અમદાવાદમાં પાંચકુવા દરવાજા પાસે કોટની દીવાલને અડીને બંધાયેલી અમૃતવર્ષિણી વાવમાં સંસ્કૃત અને ફારસી બે લેખ છે. લેખમાં જણાવ્યા અનુસાર ક્ષાત્ર કુલના રઘુનાથદાસે ગુર્જરનગરમાં વિશ્વોપકાર માટે પિયુષવર્ષિણી વાવ સં. ૧૭૭૯ (ઇ.સ. ૧૭૨૩) માં કરાવી.

અમદાવાદમાં સરસપુર ચાર રસ્તાથી થોડા અંતરે બંધાવેલી આશાપુરાની વાવ ઇ.સ.ની ૧૫ મી સદીની હોવાનું જણાય છે. લેખ (સં. ૧૫૨૦)ની ઉપર સૂર્ય ચંદ્રની આકૃતિ, પશુની આકૃતિ, અને નીચે ગાયનું શિલ્પ કંડારવામાં આવ્યું છે.[૧૬]

શિમરોલી (તા. કેશોદ) માંથી વિ.સં. ૧૯૧૨ (ઇ.સ. ૧૮૫૬)નો બ્રિટીશકાલીન વાવ શિલાલેખ મળ્યો છે. આ ગુજરાતી ભાષાના લેખમાં નવાબશ્રી બહાદુરખાનના શાસનકાલમાં સં. ૧૮૩૧ માં ઊંડી વાવ ખોદાવી અને એના નિભાવ માટે મહેતા અમરજી દીવાનના સમયમાં ગામ ગરાસ (ગામનું રક્ષણ કરવાના બદલામાં કાઢી આપેલી જમીન અથવા ઊચક રકમ)માં આપ્યું. સં. ૧૯૧૨ માં મુગટરામે ૩૨૧૬ કોરી (સિક્કા) ખર્ચીને આ વાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો.[૧૭]

મારા પીએચ.ડી. નો વિષય "ગુજરાતનાં ઇતિહાસલેખન ક્ષેત્રે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતીબેન શેલતનું પ્રદાન" છે. મારા પીએચ.ડી. ના સંશોધનના ભાગ રૂપે આ રિચર્ચ પેપર રજૂ કરેલ છે.

મૂલ્યાંકન :

આમ, ડૉ. ભારતીબેન શેલતે ગુજરાતનાં વાવ શિલાલેખોનું સર્વેક્ષણ કરી, કેટલાક શિલાલેખ વાંચી તેનું સંપાદન કર્યું અને અભ્યાસને આધારે તેની ગુજરાતના ઇતિહાસમાં મહત્તા

દર્શાવી. આ શિલાલેખોને આધારે પ્રાચીન, મધ્યકાલીન ગુજરાતના ઈતિહાસમાં સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે ઘણી ઉપયોગી માહિતી સાંપડે છે.

ગુજરાતનાં રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસલેખન ક્ષેત્રે ડૉ. ભારતીબેન શેલત અગત્યનું સ્થાન ધરાવે છે. ૩૦ માર્ચ, ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે તેમનું અવસાન થયું હતું. તેમના જેવા વિદુષી જતાં અભિલેખવિદ્યા અને લિપિવિદ્યા ના ક્ષેત્રે મોટો શૂન્યવકાશ સર્જાયો છે.

## સંદર્ભસૂચિ

1. પરીખ, પ્રવીણચંદ્ર અને શેલત, ભારતી, ‘ગુજરાતના અભિલેખો: સ્વાધ્યાય અને સમીક્ષા’, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧, પૃ. ૧
2. નાયક, ચીનુભાઈ, ‘સ્વ. ડૉ. રમણલાલ નાગરજી મહેતા’, “પથિક”, ગ્રંથ ૩૬, અંક ૧૦, જુલાઇ,૧૯૯૭, પૃ. ૧
3. શુક્લ, જયકુમાર, ‘ડૉ. ભારતીબહેન શેલત અને તેમનું ઇતિહાસલેખન’, “કુમાર”, સળંગ અંક ૯૯૦, જૂન ૨૦૧૦, પૃ. ૩૭૩
4. “ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક”, પુ. ૬૩, અંક ૧-૪, જાન્યુ-જૂન-૨૦૧૮; જુલાઇ-ડિસે., ૨૦૧૮, પૃ. ૩૫-૩૬
5. શુક્લ, જયકુમાર, ‘ડૉ. ભારતીબહેન શેલત અને તેમનું ઇતિહાસલેખન’, ઉપર્યુક્ત , પૃ. ૩૭૪-૩૭૫
6. “સામીપ્ય”, એપ્રિલ, ૨૦૧૩-માર્ચ, ૨૦૧૪, પૃ. ૮૬
7. આચાર્ય, નવીનચંદ્ર, ‘ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ’, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, પૃ. ૪૪૪
8. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., ‘ગુજરાતના ઐતિહાસિક લેખો’, પૃ. ૪, નં. ૨
9. પરીખ, પ્રવીણચંદ્ર અને શેલત, ભારતી, ‘ગુજરાતના અભિલેખો; સ્વાધ્યાય અને સમીક્ષા’, ઉપર્યુક્ત, પૃ. ૮૫-૯૩
10. “સામીપ્ય”, પુ. ૩, અંક ૩-૪, ઓક્ટો., ૮૬- માર્ચ ૮૭, પૃ. ૧૮-૨૪

11. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', પુ. ૪, નં. ૨૦; "બુધ્ધિપ્રકાશ", પુ. ૧૦૪, પૃ. ૧૯-૨૩

12.રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', ગુર્જર ગ્રંથરત્ન પ્રકાશક, બીજી આવૃત્તિ, ૨૦૧૪, પૃ. ૪૬૬

13.શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતનાં ઐતિહાસિક લેખો', પુ. ૪, નં. ૨૩, "બુદ્ધિપ્રકાશ", પુ. ૨, પૃ. ૮૫-૮૭ અને ૧૦૨-૧૦૬

14.શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભાગ-૫ , ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧, નં. ૫૪, પૃ. ૯૦

15. "સામીપ્ય", પુ. ૧, અંક ૧ (એપ્રિલ ૧૯૮૪), પૃ. ૫૪-૬૦

16.રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', ઉપર્યુક્ત, પૃ. ૪૬૭

17.Diskalkar, D.B., "Inscriptions of Kathiyawad" , No.191, p. 407